# સુરત મહાનગરપાલિકા

## સ્થાયી સમિતિ

## સુચના

સુરત મહાનગરપાલિકાની **સ્થાયી સમિતિની** અઠવાડિક સાધારણ સભા **શુક્રવાર તા.૯–૫–૨૦૨૫ ના રોજ સાંજના ૪–૦૦ કલાકે** મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બિલ્ડીંગના **"સ્થાયી સમિતિ સભા ખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારૂ મળશે.

૧. મુખ્ય અન્વેષકશ્રીનો તા.૬–૫–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.ના તા.૧૦–૩–૨૦૨૫ થી તા.૧૫–૩–૨૦૨૫ સુધીના આવક તથા ખર્ચના હિસાબોની ચકાસણી કર્યાનો રીપોર્ટ જાણ માટે રજુ.

૨. ઈ.ચા.મ્યુ.સેક્રેટરીશ્રીનો તા.૬–૫–૨૦૨૫ નો પત્ર, નામદાર ગુજરાત સરકારશ્રીના અર્બન ડેવલપમેન્ટ અને અર્બન હાઉસીંગ વિભાગના તા.૨૨–૬–૨૦૦૭ ના નોટીફીકેશનથી નકકી કરવામાં આવેલ ગુજરાત મ્યુનિસિપલ કોર્પોરેશનની વોર્ડ સમિતિના કાર્યો, ફરજો, કાર્યક્ષેત્ર તથા કાર્યવાહી અંગેના નિયમો–૨૦૦૭ ના નિયમ–૪(૬) અનુસાર દરખાસ્તના પત્રકમાં દર્શાવેલ અ.નં.૧ થી ૫ માં જણાવેલ વિગતેના જે તે વોર્ડ સમિતિના ઠરાવોની જાણ લેવા બાબત.

૩. મ્યુ.ક.શ્રીનો તા.૬–૫–૨૦૨૫ નો પત્ર, સુરત શહેરમાં આવેલ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ જાહેર રસ્તાઓને સિમેન્ટ કોંક્રીટના બનાવવાના અને તેને સંલગ્ન કામગરી કરવા યુનિટ રેઈટ નકકી કરવાના કામે આવેલ કુલ–૧૪ ટેન્ડરો પૈકી કવોલીફાઈડ થયેલ કુલ–૧૦ ટેન્ડરો અંગે દરખાસ્તના મુદ્દા નં. (A) થી (C) માં જણાવેલ વિગતે યોગ્ય નિર્ણય લેવા બાબત.

૪. મ્યુ.ક.શ્રીનો તા.૬–૫–૨૦૨૫ નો પત્ર, પશ્ચિમ ઝોન, ટી.પી. સ્કીમ નં.૧૫(પાલ) માં ટી.પી. રસ્તાઓ ઉપર સ્ટોર્મ ડ્રેઈન લાઈન નાંખવા(ફેઝ–૧) ના કામે આવેલ કુલ–૪ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર જે.એન.પી. ઈન્ફ્રાસ્ટ્રકચરનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૧૪,૯૨,૬૬,૫૯૨–૫૦ થી ૧૬.૦૧% નીચુ એટલે કે રૂા.૧૨,૫૩,૬૯,૦૧૧–૦૪ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચૂકવણું અલગથી કરવાનું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૫. મ્યુ.ક.શ્રીનો તા.૧૩–૨–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.માં DAY-NULM ના SUSV ઘટક અંતર્ગત સાઉથ ઝોનમાં સબઝોન–૨ માં ટી.પી. સ્કીમ નં.૫૭(પાંડેસરા), ગુજરાત હાઉસીંગ બોર્ડ, પાંડેસરા સી.ઓ.પી.૨૨, ૨૩ માં આવેલ હયાત છત્રપતિ શિવાજી વેજીટેબલ માર્કેટ તોડીને નવું વેન્ડીંગ માર્કેટ બનાવવાના કામે આવેલ કુલ–૩ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર મે.એસ.એમ.શેલડીયાને ટેન્ડરની અંદાજી રકમ રૂા.૭,૫૪,૬૧,૪૦૪–૯૯ થી ૨૯.૯૮% નીચા ભાવે એટલે કે રૂા.૫,૨૮,૩૮,૦૭૫–૭૭ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુંકવણું અલગથી કરવાના ખર્ચે ઉકત કામ સોંપવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

...૨

૬. મ્યુ.ક.શ્રીનો તા.૬–૫–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.ના સેન્ટ્રલ ઝોન ઉત્તર વિભાગ વોર્ડ નં.૬(મહિધરપુરા) વિસ્તારમાં આવેલ (૧) કાજીની વાડી(પી.સી.સી. ગલીઓ), (૨) ખાન સાહેબના ડેલામાં(પી.સી.સી. ગલીઓ) અને (૩) દાલગ્ય મોહલ્લા(ભોજાભાઈની શેરી) ની સર્વિસ ગલીમાં હયાત ડ્રેનેજ લાઈન અંદાજે ૩૫ થી ૪૦ વર્ષ જુની હોય નવી નાંખવા/બદલવાનું કામ સ્થા.સ.ઠ.નં.૬૪૮/૨૦૨૩ થી મંજુર થયેલ યુનીટ રેઈટ, શરતો અને સ્પેશીફીકેશનને આધિન સદર ઠરાવ તેમજ મ્યુ.કમિશનરશ્રી અને અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિની મળેલ મંજુરી મુજબ એમ્પેનલ થયેલ દરખાસ્તમાં જણાવેલ કુલ–૧૦ ઈજારદારો પૈકી કોઈપણ એક ઈજારદારને અંદાજી રકમ રૂા.૩૭,૦૪,૫૯૨–૭૮ થી ૩૦% ઉંચા ભાવે એટલે કે રૂા.૪૮,૧૫,૯૭૦–૬૨ ના ખર્ચે સોંપવા અંગે નિર્ણય લેવા તથા ઈજારદાર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૭. મ્યુ.ક.શ્રીનો તા.૬–૫–૨૦૨૫ નો પત્ર, સુરત મહા.ના સેન્ટ્રલ ઝોન દક્ષિણ વિભાગ વોર્ડ નં.૩(નવાપુરા) વિસ્તારમાં જાગનાથ રોડ ઉપર આવેલ લીમડીશેરી–૧ ની સર્વિસ ગલી, પુરબિયાશેરીની સર્વિસ ગલી, અમદાવાદીશેરી–૧ સર્વિસ ગલી, અમદાવાદીશેરી–૨ ની સર્વિસ ગલી, પીપરડીશેરીની સર્વિસ ગલી, વચલીશેરી–૧ ની સર્વિસ ગલી, વચલીશેરી–૨ ની સર્વિસ ગલી, અલીનો ટેકરોની સર્વિસ ગલી, માછીપુરા શેરી–૨ ની સર્વિસ ગલીમાં નવી ડ્રેનેજ લાઈન નાંખવા/બદલવાનું કામ સ્થા.સ.ઠ.નં.૬૪૮/૨૦૨૩ થી મંજુર થયેલ યુનીટ રેઈટ, શરતો અને સ્પેશીફીકેશનને આધિન સદર ઠરાવ તેમજ મ્યુ.કમિશનરશ્રી અને અધ્યક્ષશ્રી, સ્થાયી સમિતિની મળેલ મંજુરી મુજબ એમ્પેનલ થયેલ દરખાસ્તમાં જણાવેલ કુલ–૧૦ ઈજારદારો પૈકી કોઈપણ એક ઈજારદારને અંદાજી રકમ રૂા.૩૮,૪૩,૯૮૭–૮૬ થી ૩૦% ઉંચા ભાવે એટલે કે રૂા.૪૯,૯૭,૧૮૪–૨૨ ના ખર્ચે સોંપવા અંગે નિર્ણય લેવા તથા ઈજારદાર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૮. મ્યુ.ક.શ્રીનો તા.૬–૫–૨૦૨૫ નો પત્ર, પશ્ચિમ ઝોન વિસ્તારમાં આવેલ વિવિધ રસ્તાઓ ઉપર સાઈન બોર્ડ, કેટ આઈ, ડેલીનેટર્સ, બોલાડર્સ વિ. પૂરા પાડવા અને ફિકસ કરવા માટે વાર્ષિક દરે લગાડવવાના કામે આવેલ કુલ–૨ ટેન્ડરો પૈકી લોએસ્ટ ભાવ ભરનાર ટેન્ડરર વેદાન્સી સેફટી એન્ડ સાઈનનું ટેન્ડરની અંદાજી રકમ રૂા.૮૧,૫૯,૯૧૬–૭૦ થી ૩૩.૦૪% નીચુ એટલે કે રૂા.૫૪,૬૩,૮૮૦–૨૨ તેમજ પ્રવર્તમાન જી.એસ.ટી.નું ચુકવણું અલગથી કરવાનું ટેન્ડર મંજુર કરવા અંગે નિર્ણય લેવા તથા ટેન્ડરર સાથે કરારનામુ કરવા મ્યુ.ક.શ્રીને અધિકૃત કરવા બાબત.

૯. મ્યુ.ક.શ્રીનો તા.૬–૫–૨૦૨૫ નો પત્ર, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૯–૪–૨૦૨૫ ના નોટીફીકેશન ક્રમાંક : AIS/35.2025/22/G મુજબ શ્રી દિનેશ રમેશ ગુરવ IAS, ડાયરેકટર, હાયર એજ્યુકેશન, ગાંધીનગર ખાતેથી તેઓને ડેપ્યુટી મ્યુનિ.કમિશનર તરીકે સુરત મહા. ખાતે ફરજ બજાવવા અંગે હુકમ થયેલ હોય, સદર હુકમ મુજબ શ્રી દિનેશ રમેશ ગુરવ IAS, સુરત મહા. ખાતે ડેપ્યુટી મ્યુનિ.કમિશનર તરીકેની ફરજ ઉપર તા.૧૬–૪–૨૦૨૫ (ઓફીસ સમય પહેલા) ના રોજ હાજર થયેલ હોય, ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટી વિભાગના ઉકત નોટીફીકેશનની જાણ લેવા સા.સભાને ભલામણ કરવા બાબત.

આ દે શ થી,

Thakar

ઈ.ચા.મ્યુ.સેક્રેટરીવતી,
સુરત મહાનગરપાલિકા.

મહાનગરપાલિકા કચેરી,
સુરત, તા.૬–૫–૨૦૨૫.

ANAHITA.